વિષય :– કોસંબા– વેલાછા– મોસાલી – ઝંખવાવ રાજય ધોરી માર્ગના આમંડેરા– મોસાલી વચ્ચેના સેકશન ૨.૮૦ કિ.મી.ને ખસેડવા બાબત.
(ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી.સુરત)

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
ક્રમાંક : એસએચઆર/૨૭૨૦૦૭/૬૯૩/(૮)/સી.
૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
તા. ૩૦/૦૭/૨૦૧૨

વંચાણે લીધાઃ– (૧) અધિક્ષક ઈજનેરશ્રી સુરત (મા.મ.) વર્તુળ, સુરતનો તા.૧/૩/૨૦૦૮નો પત્ર
ક્રઃ પીબી/આર/૯૫૬/૦૮
(૨) અધિક્ષક ઈજનેરશ્રી સુરત (મા.મ.) વર્તુળ, સુરતનો તા.૨/૬/૨૦૦૯નો પત્ર
ક્રઃ પીબી/આર/૨૯૪૪/૦૯
(૩) અધિક્ષક ઈજનેરશ્રી સુરત (મા.મ.) વર્તુળ, સુરતનો તા.૨૫/૧૧/૨૦૦૯નો પત્ર
ક્રઃ પીબી/આર/૬૧૬૮/૦૯
(૪) ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી., સુરતનો તા.૨૧/૧૧/૨૦૦૯નો પત્ર
ક્રઃ એસએલપીપી/માઈન્સ/૮૮૨૫/૦૯
(૫) મા.મ.વિભાગના ઠરાવ ક્રઃ એસએચઆર/૨૭૨૦૦૭/૬૯૩/(૮)/સી.તા.૧૮/૧૨/૨૦૦૯
(૬) અધિક્ષક ઈજનેરશ્રી સુરત (મા.મ.) વર્તુળ, સુરતનો તા.૭/૪/૨૦૧૨નો પત્ર
ક્રઃ પીબી/સુ–૨/૧૭૦૧/૧૨ અને તા.૨૧/૬/૧૨ નો પત્ર ક્રઃ પીબી/સુ–૨/ ૨૮૨૬/૧૨

**ઠરાવ :–**

ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી., સુરત ધ્વારા કોસંબા–વેલાછા–મોસાલી– ઝંખવાવ રાજયધોરી માર્ગ પર આવેલ મોસાલી થી આમનડેરા ગામ વચ્ચે કિ.મી.૧૯/૮ થી ૨૩/૪ (૩.૬૦ કિ.મી.)ની લંબાઈનો રસ્તો જી.આઈ.પી.સી.એલ ની લીઝ વિસ્તારમાંથી પસાર થતો હોઈ માઈનીગ પ્રવૃતિમાં સરળતા રહે તે માટે રસ્તાની આ પથરેખાને માઈનીગ લીઝ પૈકીના અન્ય વિસ્તારમાં ખસેડવાની ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી., સુરતની માંગણીના સંદર્ભમાં વિચારણાને અંતે આ રસ્તાની હયાત લંબાઈ કિ.મી. ૧૯/૮ થી ૨૩/૪ ને ખસેડવા નવી કરવાની થતી ડાયવર્જનની લંબાઈની દરખાસ્ત સાથેના નકશામાં જણાવ્યા મુજબ ૩.૪૦ કિ.મી. નવી લંબાઈ તથા રાજય ધોરી માર્ગ નં.૧૬૮ ના કિ.મી. ૧૨/૦ થી ૧૩/૪ એટલે કે ૧.૪૦ કિ.મી.હયાત લંબાઈ મળીને કુલ ૪.૮૦ કિ.મી. લંબાઈનો ૭.૦૦ મી. કેરેજવે વાળો રસ્તો કરવાની કામગીરી જી.આઈ.પી.સી.એલ. ધ્વારા કરવાની દરખાસ્તને સંદર્ભ (૫)માં દર્શાવ્યા મુજબના ઠરાવથી મંજુરી આપવામાં આવેલ હતી તેમાં હવે સંદર્ભ (૬)માં દર્શાવેલ અ.ઈ.શ્રી સુરતની દરખાસ્ત અન્વયે હવે સુધારેલ પથરેખા A-D'-D-B ને નીચેની શરતોને આધિન ગ્રાહય રાખવામાં આવે છે.

શરતો :—

૧. રાજય ધોરી માર્ગ નં.૧૬૬ ના કિ.મી.૧૯/૮ થી ૨૨/૬ ની લંબાઈ ખસેડી નવો રસ્તો ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંું લી. સુરત તેમના ખર્ચે કરી આપશે.

૨. નવો રસ્તો બનાવવા માટે જરૂરી જમીન સંપાદનની કાર્યવાહી અને તેઓ ખર્ચ કંપની કરશે.

૩. નવો રસ્તો (મા.મ.) વિભાગના રાજય ધોરી માર્ગ કક્ષાના સ્ટાન્ડર્ડ પ્રમાણેનો ૭. ૦ મી. કરેજે વીડથ વાળો બનાવવાનો રહેશે.

૪. અગાઉ નવી પથરેખા મુજબ નકશામાં A-C-B ધ્વારા દર્શાવેલ છે. A-C કિ.મી. ૦/૦ થી ૩/૪ જે ૩.૪ કિ.મી.તેમજ C-B કિ.મી. ૧૩/૪ થી ૧૨/૦ જે ૧.૪૦ કિ.મી. આમ કુલ ૪.૮૦ કિ.મી. થાય છે. ને મંજુરી આપવામાં આવેલ હતી, તેના બદલે હવે સુધારેલ પથરેખા A-D'-D-B તે કુલ ૪.૪૪ કિ.મી. લંબાઈ થાય છે. તેને મંજુરી આપવામાં આવે છે. તે મુજબ કામગીરી કરવાની રહેશે.

૫. નવા રસ્તા અંગે કોઈ કોર્ટ કેસ ઉભો થાય તો તે અંગેની જવાબદારી કંપનીએ સેટલ કરવાની રહેશે.

૬. રસ્તો ખસેડવાનાં કામ બાબતે ઈલેકટ્રીક લાઈન ટેલીફોન લાઈન કે અન્ય યુટીલીટી ખસેડવાની તમામ જવાબદારી ખર્ચ સહીતની કંપનીનો રહેશે.

૭. હયાત રાજય ધોરી માર્ગ નં.૧૬૬ ના કિ.મી.૨૨/૬ થી ૨૩/૪ એટલે કે ૦.૮૦ કિ.મી.લંબાઈમાં રસ્તો ૭ મી. કેરેજ વીડથ સુધીનું વાઈડનીગ તથા સ્ટ્રેન્ધનીગ કરવાની કામગીરી તથા D'-C નવો રસ્તો અંદાજે ૦.૯૦ કિ.મી. નો ૭ મી. કેરેજવે નો નવો રસ્તો કંપનીએ તેમના ખર્ચે કરી આપવાની રહેશે.

૮. મંજુર પથરેખા મુજબનો રસ્તો બન્યા બાદ જુનો રસ્તો દુર કરી શકાશે.

૯. નવા રસ્તાની જાળવણી તથા મરામત પાંચ વર્ષ સુધી કંપનીએ તેમનાં ખર્ચે કરવાની રહેશે અને તે માટે કોઈ ટોલટેક્ષ ઉઘરાવી શકાશે નહી.

૧૦. જી.આઈ.પી.સી.એલ. ધ્વારા હાલ જે સુધારેલ સુચિત નવી પથરેખાની દરખાસ્ત કાયમી છે જે ભવિષ્યમાં તે બદલવાની રહેશે નહિ.

૧૧. નવી એલાઈમેન્ટ મુજબ જી.આઈ.પી.સી.એલ. ધ્વારા રસ્તાના બાંધકામ માટે મંજુરી આપવામાં આવે છે. બાંધકામ પુર્ણ થયા બાદ રાજય ધોરી માર્ગ નો હયાત રસ્તાની પથરેખા A-D બંધ કરીને નવી એલાઈમેન્ટ A-D'-D-B માટે મુંબઈ લેન્ડ રેવન્ય કોડ –૧૮૭૯ મુજબ કાર્યવાહી કરવા કલેકટરશ્રીને દરખાસ્ત જી.આઈ.પી.સી.એલ. ધ્વારા કરવામાં આવે છે. કલેકટરશ્રી ધ્વારા આ અંગેની તમામ કાર્યવાહી પુર્ણ થયા બાદ હયાત રસ્તાને માઈનીગ માટે ઉપયોગમાં લેવાનો રહેશે.

૧૨. હયાત રસ્તાની બાજુમાં ફોરેસ્ટ લેન્ડ હોય જી.આઈ.પી.સી.એલ. ધ્વારા ફોરેસ્ટ વિભાગની મંજુરી મેળવ્યા બાદ માઈનીગ માટેની કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે.એમ.ધોળકીયા


(કે.એમ.ધોળકીયા)
ઉપસચિવ,
માર્ગ અને મકાન વિભાગ

નકલ રવાના :—

૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઈ.) ગુજરાત રાજય, અમદાવાદ
૨. અધિક્ષક ઈજનેરશ્રી, સુરત (મા.મ.) વર્તુળ,સુરત
૩. કાર્યપાલક ઈજનેરશ્રી, સુરત (મા.મ.) વિભાગ નં.૨, સુરત
૪. જનરલ મેનેજરશ્રી (માઈન્સ), જી.આઈ.પી.સી.એલ., સુરત
૫. બ–શાખા, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. ઝ–શાખા, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૭. શાખા સીલેકટ ફાઈલ/સ.

To
The Executive Engg (Construction)
GETCO, Bharuch.

# PROPOSED CORRIDOR FOR DIVERSION OF ROAD (PART) OF MOSALI (MANGROL) KOSAMBA STATE HIGHWAY NO - 166




Deputy Executive Engineer
Mandvi (R x B) Sub Dn.
Mandvi.

~~S. F. CHANDHARY~~
DM (Mech.)
20/11/08

RANJAN KUMAR.
MANAGER(MINES)
29/11


P. PANDEY
CM (Mines),Mangraol
20/11/08.

GIPCL
All Dimensions in m

Executive Engineer
Surat (R. & B.) Division No. 1
Surat.


From, GM (Mines)
GIPCL

ANNEXURE-II




20.1.2012

ANNEXURE-I




20.1.2012